# રીવોલ્વીંગ ફંડ હેઠળ જુદા જુદા કેન્દ્રોની ખરીદી દરખાસ્ત બાબતે માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં તા.૨૭/૨/૨૦૧૩ ના રોજ ૧૬:૩૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ બાબત

મીટીંગમાં નીચે દર્શાવેલ અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા.

(૧) માન. કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી – ચેરમેનશ્રી

(૨) સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, ન.કૃ.યુ., નવસારી – સભ્ય

(૩) સહ સંશોધન નિયામકશ્રી (એગ્રી.), નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી – મેમ્બર ઓફ સેક્રેટરી

(૪) આચાર્યશ્રી, ન. મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી – સભ્ય

(૫) આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી – સભ્ય

(૬) આચાર્યશ્રી, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી – સભ્ય

(૭) હિસાબી અધિકારી–વ–હિસાબી નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી – સભ્ય

(૮) સંશોધન વૈજ્ઞાનિક, જળ અને જમીન વ્યવસ્થાપન યુનિટ, ન.કૃ.યુ., નવસારી – સભ્ય

સંશોધન નિયામકશ્રીએ માન.કુલપતિશ્રી અને અન્ય અધિકારીશ્રીઓને આવકારી મીટીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

- ❖ કોલેજ ફાર્મ, નવસારી ખાતે રીવોલ્વીંગ ફંડ બજેટમાંથી ફાર્મની અગત્યની કામગીરીઓ માટે (૧) ટ્રેક્ટર ટાયર, (૨) સબમર્શીબલ પંપ સેટ, સ્ટાર્ટર, સ્વીચ, કેબલ, (૩) બોર માટે પાઈપ, બોરકેપ, કલેમ્પ તેમજ (૪) પાવર ટ્રીલરનું ટ્રેલર વિગેરે ખરીદવાની દરખાસ્ત અત્રે આવેલ હતી. જેને રીવોલ્વીંગ ફંડમાં ખર્ચ કરવાની અનુમતિ આપવાનું નકકી કરવામાં આવ્યું. **(અમલ : મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કોલેજ ફાર્મ, ન.કૃ.યુ., નવસારી)**
- ❖ વરસાદના પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવા માટે નવસારી કેમ્પસના કવાટર્સ, ઓડીટોરીયમ, ગેસ્ટ હાઉસ, કિસાન ઘર, ફાર્મર્સ હોસ્ટેલ, યુ.જી. અને પી.જી. હોસ્ટેલમાં વોટર હાર્વેસ્ટીંગ અંતર્ગત મકાનોના છતનું પાણી જમીનામાં ઉતારવા માટે પરકોલેશન પીટ બનાવી જરૂરી પાઈપ સાથે બનાવવાની મંજુરી આપવામાં આવે છે. તેમજ આ કામગીરી ચોમાસા પહેલા તેઓના રીવોલ્વીંગ ફંડમાં ખર્ચ કરી પૂર્ણ કરવાનું રહેશે. **(અમલ : કાર્યપાલક ઈજનેરશ્રી, ન.કૃ.યુ., નવસારી)**
- ❖ માસ્ટર પ્લાનમાં આવેલ વિવિધ કચેરીઓ જેવી કે, કોલેજ બીલ્ડીંગ, લાઈબ્રેરી, યુનિવર્સિટી ભવન અને સંશોધન યોજનાના મકાનોના વોટર હાર્વેસ્ટીંગ કામગીરી માટે કાર્યપાલક ઈજનેર પાસે પ્લાન એસ્ટીમેટ તૈયાર કરાવી ટેકનીકલ મંજુરી લઈ ડૉ. પી. કે. શ્રીવાસ્તવ, પ્રાધ્યાપક અને વડાશ્રીના તાંત્રિક માર્ગદર્શન લઈ જે તે કચેરીના વડાએ કામગીરી કરાવવાની રહેશે. **(અમલ : જે તે કચેરીના વડાશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી)**
- ❖ કોલેજ ફાર્મ, નવસારી ખાતે ફાર્મ પોન્ડ બનાવવા માટે ડૉ. પી. કે. શ્રીવાસ્તવ, પ્રાધ્યાપક અને વડાશ્રી (એન.આર.એમ.) ના ટેકનીકલ માર્ગદર્શન હેઠળ આ કામગીરી મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (કોલેજ ફાર્મ) એ કરવાની રહેશે. અને પોન્ડની બાજુઓ પર પેચ વર્કનું કામ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ કરવાનું

રહેશે. આ કામગીરી ચોમાસા પહેલા પૂર્ણ કરવાની રહેશે. **(અમલ : કાર્યપાલક ઈજનેરશ્રી, ન.કૃ.યુ., નવસારી)**

- ❖ પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર ખાતે વોટર હાર્વેસ્ટીંગની કામગીરી માટે પોલીહાઉસની બાજુમાં પાકો સમ્પવેલ બનાવવા  કાર્યપાલક ઈજનેરશ્રી પાસે પ્લાન એસ્ટીમેન્ટ અને ટેકનીકલ મંજુરી લઈ જે તે કચેરીના વડાએ કામગીરી કરવાની રહેશે. **(અમલ : સંશોધન વૈજ્ઞાનિકશ્રી, પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી)**
- ❖ નવસારી કૃષિ યુનિવર્સિટીના વિવિધ સંશોધન કેન્દ્રોએ વરસાદના પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવા માટે કેન્દ્ર હેઠળના વિવિધ મકાનોના છતનું પાણી જમીનમાં ઉતારવા માટે પરકોલેશન પીટ બનાવીને પરલોકેશન પાઈપ દ્વારા પાણી ઉતારવાની કામગીરી કરવાની રહેશે. આ કામગીરી ચોમાસા પહેલા પૂર્ણ કરવાની રહેશે. સંશોધન વૈજ્ઞાનિકશ્રી (શેરડી) ના ફાર્મ અને સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન) ના ફાર્મ ખાતે બનાવેલ વોટર હાર્વેસ્ટીગ સ્ટ્રકચરની મુલાકાત લઈ આપના કેન્દ્ર ખાતે કાર્યવાહી કરવાની રહેશે. **(અમલ : જે તે કેન્દ્રના વડાશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી)**
- ❖ નવસારી કૃષિ યુનિવર્સિટીના વિવિધ સંશોધન કેન્દ્રો પૈકી પરીયા, માંગરોળ, હાંસોટ, ડેડીયાપાડા અને અછાલીયા કેન્દ્રો ખાતે જયાં પાણીની અછત છે ત્યાં વરસાદી પાણીના સંગ્રહ માટે ફાર્મ પોન્ડ બનાવવા માટે કાર્યપાલક ઈજનેરશ્રી પાસે પ્લાન એસ્ટીમેટ અને ટેકનીકલ મંજુરી લઈ ચોમાસા પહેલા કામગીરી પૂર્ણ કરવાની રહેશે. **(અમલ : જે તે કેન્દ્રના વડાશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી)**
- ❖ ફુડ કવાલીટી ટેસ્ટીગ લેબોરેટરી બિલ્ડીગની આજુબાજુ પેવર બ્લોક અને કર્વીગ બેસાડવાની દરખાસ્ત મળેલ છે. જેની મંજુરી માટે સૌ પ્રથમ મકાનના પ્લીન્થને પ્રોટેકટ કરી ત્યારબાદ પેવર બ્લોક અને કર્વીગ બેસાડવાની અનુમતિ આપવામાં આવે છે. **(અમલ : પ્રાધ્યાપક અને વડાશ્રી, ફુડ કવાલીટી ટેસ્ટીગ લેબોરેટરી, ન.કૃ.યુ., નવસારી)**
- ❖ ફળ સંશોધન કેન્દ્ર, ગણદેવી ખાતે આંબાની વધુ કલમો તૈયાર કરવા માટે રીવોલ્વીગ ફંડમાંથી આંબાના રોપા ખરીદવાની દરખાસ્ત મળેલ છે જેને અનુમતિ આપવામાં આવે છે. **(અમલ : સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, ફળ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., ગણદેવી)**
- ❖ કપાસ સંશોધન પેટા કેન્દ્ર, અછાલીયા ખાતે વાવેતર હેઠળ પાકોમાં પિયત આપવા માટે એક બોર અને એક સબમર્શીબલ પંપ ખરીદવાની દરખાસ્ત કરેલ છે તેને રીવોલ્વીગ ફંડમાં ખર્ચ કરવાની અનુમતિ આપવામાં આવે છે. **(અમલ : સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કપાસ સંશોધન પેટા કેન્દ્ર, ન.કૃ.યુ., અછાલીયા)**
- ❖ રીવોલ્વીગ ફંડ બજેટ સદર ૯૫૧૦–એન–૨૨, ૯૫૧૦–એન–૨૮, ૯૫૧૦–એન–૩૭ અને ૯૫૧૦–એન–૫૯ યોજનાઓમાં માયનન્સ ગ્રાન્ટ છે તે યોજનાને રીવોલ્વીગ ફંડના વ્યાજમાંથી મળતી રકમમાંથી સરભર કરી બજેટ બંધ કરવા સુચન કરેલ છે. **(અમલ : હિસાબી અધિકારી–વ–હિસાબી નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી)**

- ❖ રીવોલ્વીંગ ફંડના બજેટ સદર ૯૫૧૦–એન–૨૯, ૯૫૧૦–એન–૩૧, ૯૫૧૦–એન–૩૨ અને ૯૫૧૦–એન–૪૯ માં ૦૦.૦૦ (ઝીરો) ગ્રાન્ટવાળા બજેટ સદર બંધ કરવા. **(અમલ : હિસાબી અધિકારી–વ–હિસાબી નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી)**
- ❖ માન. કુલપતિશ્રીની સુચનાનુસાર લાઈવ સ્ટોક રીસર્ચ સ્ટેશન, નવસારી ખાતે રીવોલ્વીંગ ફંડ હેઠળ ખરીદવામાં આવેલ જીપને આચાર્યશ્રી, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયના હવાલે મુકવાનું નકકી કરવામાં આવ્યું.

અંતમાં સહ સંશોધન નિયામકશ્રીએ સર્વેનો આભાર માનીમીટીગ પૂર્ણ જાહેર કરી.

જા.નં.નકૃયુ/સં.નિ./ટી.૨/૨૪૪૯–૨૫૦૩/૨૦૧૩
તા.૦૫.૦૩.૨૦૧૩

**સહી/–**
**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**
**ન.કૃ.યુ., નવસારી**

**<u>નકલ સવિનય રવાના :</u>** પ્રતિ, માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂં.